# માહે રમઝાન-માહે સુબ્હાની

ઈન્સાનની તખ્લીકમાં નવમો મહીનો બેહદ નાઝુક હોય છે. જો આ અય્યામ પૂરા એહતેયાત અને સેહત સાથે ગુઝરા તો ઝરૂર, બચ્ચાની પૈદાઈશમાં આસાની થાય છે અને તેની આ દુનિયાની ફિઝામાં પૂરા કમાલો જમાલ, ફરહતો મસર્રત સાથે આમદ થાય છે. આ જ હકીકત પર અલ્લાહતઆલાએ મુમેનીનના આઅમાલમાં કમાલો જમાલ વાસ્તે રમઝાનને ખુદની ઝાતથી ખાસ કીધા યાઅની શહરૂલ્લાહ નામ બખ્શું અને બીજા મહીનાઓમાં ૯ મો દરજો બખ્શો. હજ્જના રૂકન સિવાય દીને ઈસ્લામના તમામ બીજા અરકાન જેમકે વલાયત, સલાત, સિયામ, જેહાદ, તહારત અને ઝકાતને આ બાબરકત મહીનામાં મુમેનીન ઉપર ફરઝ કરવામાં આવા છે. હવે કોઈ શખ્સ આ ફરઝોને બા યકીન સાથે લઈ ઉઠે તો જેમ ૯ મહીનાની તખ્લીક બાદ એક નાનું માઅસૂમ બચ્ચું માઁના રહેમમાંથી નીકલીને આ દુનિયાના નવા માહૌલમાં આવે છે, તેમ ૯ માં મહીના રમઝાનુલ મોઅઝઝમની ઈબાદતો બાદ ઈદુલ ફિત્ર આવવા તક અલ્લાહતઆલા મુમિનને પરહેઝગારી અને નૈકીના સબબ માઅસૂમ બનાવી દે છે જેથી મુમિનને એમ એહસાસ થાય છે કે, **તે ફરિશ્તાઈ શિક્લો સૂરત ઇખ્તિયાર કરી ચુકો છે.**

આ મુબારક મહીનાને અલ્લાહતઆલા કુરઆને કરીમમાં બયાન ફરમાવે છે કે, "**શહરો રમઝાનલ્લઝી ઉન્ઝેલા ફીહિલ કુરઆન, હોદલ્લિન્નાસે વ બૈયેનાતિમ મિનલ હોદા વલ ફુરકાન.**" જેમાં તેની ફઝીલત અને માઅરેફત માઅલૂમ થઈ જાય છે. રબ્બુલ ઈઝઝતે જે વક્ત કલામે શરીફને પોતાના પ્યારા રસૂલ મોહંમદ (સ.અ.વ.વ.) ઉપર ઉતારવાનો ઈરાદો કીધો તો આ મહીના શહરૂલ્લાહને ઈન્તેખાબ કીધો જે બીજા મહીનાઓ કરતા ફઝલો શરફ અને ઈઝઝતો અઝમતમાં લાજવાબ છે.

**"રમઝાન" જ એક એવા મહીના છે જેને અલ્લાહતઆલાએ તેના નામ સાથે યાદ ફરમાવેલા છે,** જેમાં કુરઆનને નાઝિલ કરવામાં આવા છે, જેમાં હર શખ્સ વાસ્તે હિદાયત છે અને રાહે રાસ્ત વાસ્તે ખુલ્લી નિશાનીઓ બતાવવામાં આવી છે. તો શું આ કરામાત અને ઈલાહી ઈન્આમાત હમારા વાસ્તે કાફી નથી કે, શહરૂલ્લાહથી ફૈઝો બરકત હાસિલ કરવા હમેં હમારા નફસને તૈયાર કરીએ ? મુમેનીન ! તૈયાર થઈ જાવ, શહરૂલ્લાહના ઈલાહી ખઝાનામાંથી જેટલા મોતી-ગૌહર-દુર જોઈતા હોય તેટલા તમારા દામનમાં ભરી દો. એમ ન થાય કે, આ લાકીમત ખઝાનાના દરવાઝા બંધ થાવાનો વક્ત આવે અને પછી હમને હમારી ગફલત-બેદરકારીની ખબર પડે ! કિસ્મતને કોસીએ !

**" રમઝાન " જ એક એવા મહીના છે જેને અલ્લાહતઆલાએ તેના નામ સાથે યાદ ફરમાવેલા છે.**

હર એક મહીનાના નામ પાછલ તેની હકીકત છુપાયેલી છે. જેમ "ઝુલ કાઅદાહ" યા "ઝિલકાદ" મહીનાની માઅના બેસી રહેવાની થાય છે. આ મહીનામાં જંગ અને શિકાર કરવું હરામ છે કેમકે તે હુરમતવાલા મહીનાઓ માંથી છે. આમ તૌર પર અરબ લોગો આ અય્યામમાં સુકૂન અને અમનો અમાનથી પોતાના ઘરોમાં રહીને સફર કરવાનું ટાલતા હતા. આ જ મુજબ "**રમઝાન**" મહીનાનું નામ "**ર-મ-ઝ**" ઉપરથી આવું છે જેની સમઝ ધકતી-તપતી-ગરમ ઝમીનની થાય છે જેના ઉપર ગંદકીનું કોઈ નામો નિશાન હોતું નથી. "રમઝાન" એવી ગરમ ઝમીન છે કે, જો કોઈ શખ્સ તેમાં પૂરા ખુલૂસ સાથે ઈબાદત, રિયાઝત, ઈતાઅત, નિસ્ફિલ્લૈલ, તહજ્જુદ, ઝકાતને દાઈયુલ્લાહની ખુશનુદી અને રઝામંદી સાથે અદા કરશે અને રોઝાની ભૂખ-પ્યાસને સબર-શુક્ર સાથે બરદાશ્ત કરશે તો **અલ્લાહતઆલા તેના ગુનાહોંને જલાવીને તેને પાકો સાફ કરી દેશે, જન્નતી બનાવી દેશે.**

હવે મુમેનીન જો રોઝદાર હોય અને સાથે સાથે કોઈ પણ તરહની ખરાબી, બદી, ફુઝૂલ વાતો ન હોય, ખુદા-ખુદાના રસૂલ-ખુદાના દોઆતની ઝર્રા બરાબર પણ બદખયાલી-બદગુમાની ન હોય, બંદાઓ દરમિયાન ઈખ્લાસ-મોહબ્બત સિવાય દેખાદેખી અને તકબ્બુરી ન હોય, બંદાઓના દિમાગ, અમલ, ખયાલ, ઝબાન અને આઁખ નૈક હોય, કોઈને વાસ્તે હસદ યા હિર્સ ન હોય, ખુદાની મખ્લૂકની ખિદમત વાસ્તે દિલ મોહબ્બતથી લબરૈઝ હોય, ઔલિયાઉલ્લાહથી હિદાયત-ઈલ્મ હાસિલ કરવાની તમન્નાઓ હોય અને તે ઈલ્મને બીજા મુમેનીન તરફ પહોંચાડવાની આરઝૂ હોય તો સમઝી લો કે, "સોને પે સુહાગા" ની મિસાલ સાચી ઠહેરે. રોઝાનો મકસદ બિલા કોઈ ખામી તમામ થાય.

**રમઝાન તે મહીના છે જેમાં અમલ કુબૂલ થાય છે. મુમિનની દોઆ મુસ્તજાબ થાય છે.** જેમાં ઈમાની ઈત્તેહાદની શાન નિરાલી હોય છે અને મુમેનીનની મસ્જિદોમાં એક દિનમાં ચાર વક્ત ઈઝદેહામ સાથે હાઝિરી પરહેઝગારીની અનોખી મિસાલ પૈશ કરે છે. આ તે મહીના છે જેમાં ખાસ એક રાતનો અમલ એક હઝાર મહીનાના અમલ કરતા ખૈર છે. એ રાતની કદર અઝીમ છે અને એનું નામ "**લયલતુલ કદ્ર**" છે.

ખુદાતઆલા ફરમાવે છે કે, હમેં કુરઆનને લૌહે મહફૂઝ માંથી દુનિયાના કરીબી આસ્માન તરફ લયલતુલ કદ્રમાં ઉતારા છે અને પછી ત્યાંથી કિસ્તન-કિસ્તન હસ્બે ઝરૂરત હમેં તેને રસૂલુલ્લાહના દિલ પર નાઝિલ કીધા. તમને શું ખબર કે લયલતુલ કદ્રની ફઝીલત શું છે ? આ રાત એક હઝાર મહીનાની રાતો કરતા બરતર છે યાઅની આ રાતની ઈબાદત એક હઝાર મહીનાની ઈબાદતને બરાબર છે બલ્કે તેનાથી પણ ઝિયાદહ. આ રાતમાં રૂહુલ અમીન હ.જિબ્રઈલ (અ.સ.) ફરિશ્તાઓની જમાઅત લઈને આસ્માનથી ઉતરે છે, મુમેનીન વાસ્તે સઆદત-બશારત-ખુશખબરી લાવે છે અને મુમેનીનના દિલોને અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત-મવદ્દતથી નૂરાનીદાર કરી દે છે. આ રાતમાં ખુસૂસી તૌર પર રૂહાની ખૈરો બરકત નાઝિલ થાય છે અને સલામતી-અમાનીની આ મુબારક રાત રમઝાનના ૨૩ માં દિનની સવારનો સૂરજ તુલૂઅ થાવા તક ની છે.

**શહરે રમઝાન તે મહીના છે જેનો પહેલો દસકો રહેમત અને અજબ નેઅમતોનો છે, બીજો દસકો મગફેરતનો છે અને આખિરી દસકો જન્નત તલબી અને જહન્નમથી આઝાદગીનો છે.** આ ત્રણે મફહૂમને રમઝાનુલ મોઅઝઝમની તસ્બીહમાં સમાવવામાં આવેલો છે, "**લાઇલાહા ઇલ્લલ્લાહ, અસ્તગફેરૂલ્લાહ, અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકલ જન્નતા વ અઊઝોબેકા મિનન્નાર.**" આખિરી દસકાની શાન ઘણી બલંદ છે, જેમાં લયલતુલ કદ્ર છે, જે રાતોની દુલ્હન અને મલિકા છે. હવે જો આ મહીનાનો શરફ અને ફઝલ આવો બલંદતર અને બાલાતર હોય તો ખુશનસીબ છે તે શખ્સ જે રોઝાને સાથે અમલે સાલેહને જોડે. હલાક કરનાર ગુનાહોંથી દૂર રહે. કાન, આઁખ અને ઝબાનને શર ચીઝથી બચાવે. પોતાને રૂકૂઅ-સજદામાં નમાવે, ઝુકાવે અને થકાવે. નજાત તો એ શખ્સ વાસ્તે મુકર્રર છે જે ઈમામુઝઝમાન (અ.સ.) અને આપના નાઈબ દાઈયુલ્લાહના સાયએ ઈતાઅતમાં જઈને અલ્લાહતઆલાની રહેમત અને મગફેરતનો તાલિબ થાય, જેમ એક વાદલના ઠંડા સાયામાં વરસાદની ઉમ્મીદ કરવામાં આવે છે.

**શહરે રમઝાન તે મહીના છે જેનો પહેલો દસકો રહેમત અને અજબ નેઅમતોનો છે, બીજો દસકો મગફેરતનો છે અને આખિરી દસકો જન્નત તલબી અને જહન્નમથી આઝાદગીનો છે.**

હ.સલમાનુલ ફારસી (રિ.અ.) થી રિવાયત મન્કૂલ છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ શાઅબાન મહીનાના આખિરી દિનોમાં એક ખુત્બા બલીગા પઢીને ફરમાવું કે, "અય લોગો, એક અઝીમ મહીનાનો સાયો હવે તમારા ઉપર પડવાનો છે. આ મહીનો સબર અને ઈત્તેહાદનો મહીનો છે જેમાં અલ્લાહે તમારા ઉપર રોઝાને ફરઝ કીધા છે. જેમાં રાતોની ઈબાદતને આઅલા દરજો હાસિલ છે. જેમાં એક અમલે સાલેહનો અજર બીજા મહીનામા ફરીઝત અદા કરવા મુજબ છે, એક સુન્નતનો સવાબ એક ફરઝ અદા કરવા બરાબર છે. જેમાં એક ફરીઝતનો સવાબ બીજા મહીનાના ૭૦ ફરીઝતો અદા કરવા મુજબ છે. **જે શખ્સ આ ફરીઝતોને યકીન, સબર અને તવક્કુલ સાથે અદા કરશે તો એના અજરની કોઇ ઇન્તેહા નથી.**

આજે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દાઈ મૌજૂદ છે, હમારા રૂહાની વાલેદૈન હાઝિર છે. આપ મૌલા હમને આ અઝીમુશ્શાન મહીનાની માઅરેફત કરાવે છે અને આઅમાલે સાલેહાત કરવા તરફ હોંશ અપાવે છે. દિન અને રાતની ઈબાદતો માં મુમેનીનને શરીક કરીને તેમના અજરને ગુણા ગુણ કરાવી રહ્યા છે. ખુદાતઆલા આપ મૌલાની ઉમ્રે શરીફને દરાઝ કરજો અને મુમેનીનને આપની હિદાયત મુજબ આ મહીનામાં અમલને લાઝિમ રહેવાની નૈક તૌફીક અતા કરજો. આમીન... ★